For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## પ્રજા માટે પોતાની જ સરકાર સામે નીડરતાથી અવાજ ઉઠાવનાર સાચા નેતા યોગેશ પટેલની ચિરવિદાય

## સ્વામીજીની આપેલી 'કોટી-ટોપી' પહેરી પ્રજાના પ્રશ્નો માટે સદાય લડતા રહ્યા

# 'કાકા' ભોળાનાથની અનંત શરણમાં!



**કોર્પોરેશનની** ચૂંટણીમાં હાર્યા પછી પણ હિંમત ન હારી, દૂધ આંદોલનમાં જીવ જોખમમાં મૂક્યો પણ જનતા કાજે ઝૂક્યા નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના રાજકારણના ભીષ્મ પિતામહ અને માંજલપુર વિધાનસભા બેઠકના વરિષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલ (બાપજી)નું 79 વર્ષની વયે ટૂંકી માંદગી બાદ દુ:ખદ અવસાન થયું છે. છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત તબિયતના કારણે તેઓ વડોદરાની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેમના નિધનના સમાચાર પ્રસરતાં જ સમગ્ર ગુજરાતના રાજકીય આલમમાં શોકની કાલી ડિબાંગ મિચાઈ ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના ઉચ્ચ નેતાઓએ ઊંડા દુ:ખની લાગણી વ્યક્ત કરી છે. સદ્ગતની અંતિમવિધિ આગામી 4 જૂનના રોજ વડોદરા ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવશે.

યોગેશ પટેલનો જન્મ 23 જુલાઈ 1946ના રોજ વડોદરાના માંજલપુર ખાતે થયો હતો. તેમના પિતાનું નામ નારાયણભાઈ પટેલ હતું. તેમણે વર્ષ 1964માં શારદા મંદિર હાઈસ્કૂલમાંથી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ વડોદરાની ખ્યાતનામ એમ. એસ. યુનિવર્સિટી માંથી વર્ષ 1966માં સિવિલ એન્ડ મિકેનિકલ એન્જિનિયરિંગનો એક વર્ષનો ડિપ્લોમા કોર્સ કર્યો હતો. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેઓ ખેતી અને સામાજિક કાર્યો તરફ વળ્યા હતા.

### સદ્ગતની અંતિમવિધિ ૪ જૂને રાજકીય સન્માન સાથે કરાશે



### રાજકીય સફર હારથી થઈ, પછી ઇતિહાસ રચ્યો

યોગેશ પટેલની રાજકીય કારકિર્દીની શરૂઆત સંઘર્ષપૂર્ણ રહી હતી. શરૂઆતમાં તેઓ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડ્યા હતા પરંતુ તેમાં તેમનો પરાજય થયો હતો. જોકે, તેમણે હાર ન માની અને જનસેવા ચાલુ રાખી. રાજીવ ગાંધીના શાસનકાળ દરમિયાન જ્યારે દેશના પૂર્વ વડાપ્રધાન વી.પી. સિંહે કોંગ્રેસથી અલગ થઈને જનતા પાર્ટીની સ્થાપના કરી, ત્યારે યોગેશ પટેલ તે પક્ષમાં જોડાયા હતા. વર્ષ 1990ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ પ્રથમ વખત જનતા દળની ટિકિટ પરથી વડોદરાની રાવપુરા બેઠક પર ચૂંટણી લડ્યા અને ભવ્ય વિજય મેળવીને પહેલીવાર ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ વર્ષ 1995 માં તેઓ ભારતીય જનતા પાર્ટી માં જોડાયા. તેમણે રાવપુરા બેઠક પરથી સતત ૫ વખત (1990, 1995, 1998, 2002, 2007) જીત મેળવી હતી. ત્યારબાદ બેઠકોના સીમાંકન બદલાતા તેઓ માંજલપુર બેઠક પરથી સતત 3 વખત (2012, 2017, 2022) ભાજપની ટિકિટ પર વિજેતા બન્યા હતા. આમ, તેઓ વડોદરાથી સતત 8 વખત ધારાસભ્ય તરીકે ચૂંટાવાનો ઐતિહાસિક રેકોર્ડ ધરાવે છે. તેઓ રાજ્ય સરકારમાં નર્મદા અને અર્બન હાઉસિંગ વિભાગના મંત્રી પણ રહી ચૂક્યા હતા.

### લોકાભિમુખ આંદોલનો અને પ્રજાહિતના કાર્યો

» **દૂધના ભાવ વધારાનું આંદોલન:** વડોદરામાં જ્યારે ડેરી દ્વારા દૂધના ભાવમાં અસહ્ય વધારો ઝીંકાયો, ત્યારે યોગેશ પટેલે સામાન્ય જનતા અને ગૃહિણીઓના હિતમાં મોટું આંદોલન છેડ્યું હતું. આ આંદોલન દરમિયાન એક પ્રદર્શન વખતે તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા અને તેમની તબિયત અત્યંત નાજુક બની ગઈ હતી, છતાં તેમણે પીછેહઠ કરી નહોતી.

» **પાણી અને પ્રદૂષણ સામે લડત:** વડોદરાના નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી મળે અને વિશ્વામિત્રી નદી તેમજ સ્થાનિક પર્યાવરણની જાળવણી થાય તે માટે તેમણે પોતાની જ સરકાર સામે પણ અવાજ ઉઠાવવામાં ક્યારેય સંકોચ રાખ્યો નહોતો.

» **સાદગી અને લોકઉપયોગી કાર્યો:** ધારાસભ્ય કે મંત્રી હોવા છતાં તેઓ સામાન્ય નગરસેવકની જેમ લોકોની વચ્ચે ઉપસ્થિત રહેતા. ગરીબ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અપાવવી, મધ્યમ વર્ગના પ્રશ્નો માટે સત્તાધારીઓ સામે લડવું અને વડોદરાના સાંસ્કૃતિક વારસાને જાળવવો એ તેમના મુખ્ય કાર્યો રહ્યા હતા.

### પોતાની જ સરકાર સામે નમવાને બદલે લડતા રહ્યા

વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ ઉર્ફે 'બાપજી' ગુજરાતના જાહેર જીવનમાં એક વિરલ નેતા હતા. જનતા દળમાંથી ધારાસભ્ય બનેલા યોગેશ પટેલે પાછળથી ભાજપના ગઢને મજબૂત કર્યો હતો. તેમની સૌથી મોટી વિશેષતા એ હતી કે પક્ષ ગમે તે હોય, તેઓ ક્યારેય પ્રજાના પ્રશ્ને મોવડીમંડળ સામે ઝૂક્યા નહોતા. પોતાની જ સરકારની નીતિઓ સામે વડોદરાના હિત માટે પત્રો લખીને કે રજૂઆતો કરીને તેઓ સત્તાવાળાઓને દોડતા કરી દેતા. દૂધના ભાવ વધારાના આંદોલનમાં જીવના જોખમે લડનારા 'બાપજી'ની ખોટ વડોદરા ક્યારેય પૂરી શકશે નહીં.

### ચૂંટણી પહેલાં સ્વામીજીએ આપી હતી 'કોટી અને ટોપી'

યોગેશ પટેલ જ્યારે પ્રારંભિક ગાળામાં ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે એક પરમ પૂજ્ય સ્વામીજીએ તેમને આશીર્વાદ સ્વરૂપે એક 'કોટી' અને 'ટોપી' આપી હતી. સ્વામીજીએ તેમને આ વસ્ત્રો ધારણ કરીને જનસેવાના મેદાનમાં ઉતરવાની પ્રેરણા આપી હતી. સ્વામીજીના આ આશીર્વાદ અને તેમણે આપેલી કોટી-ટોપી પહેરીને યોગેશ પટેલે ચૂંટણી લડી અને ત્યાર બાદ તેઓ ક્યારેય કોઈ ચૂંટણી હાર્યા નથી. આ ઘટના બાદ તેઓ વડોદરાની જનતામાં 'બાપજી' તરીકે સ્થાપિત થયા અને કાયમ માટે આ વસ્ત્રો તેમની ઓળખ બની ગયા હતા.

---

### પરિણામ જાહેર થયા બાદ ગુણ વેરિફિકેશન

# CBSE ધો.૧૨ : સ્કેન કોપી અને પુન:મૂલ્યાંકન માટે પોર્ટલ શરૂ

**૬ જૂન** સુધી કરી શકાશે અરજી, નિર્ધારિત સમય મર્યાદા બાદ કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહીં

**પરિણામમાં** ગુણ ઓછા આવ્યા હોય કે ભૂલ લાગતી હોય તેઓ ઓનલાઇન અરજી કરી શકે છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

CBSE બોર્ડ દ્વારા ધોરણ 12ના પરિણામ જાહેર થયા બાદ હવે ગુણ વેરિફિકેશન, ઉત્તરવહીની સ્કેન કોપી મેળવવા અને પુન:મૂલ્યાંકન માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ માટે સત્તાવાર પોર્ટલ ખુલ્લું મૂકાયું છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના જણાવ્યા મુજબ, જે વિદ્યાર્થીઓને પોતાના પરિણામમાં ગુણ ઓછા આવ્યા હોય કે કોઈ ભૂલ જણાતી હોય તેઓ ઓનલાઇન અરજી કરી શકે છે. વિદ્યાર્થીઓ 2 જૂનથી 6 જૂન, 2026 દરમિયાન ગુણ વેરિફિકેશન માટે અરજી કરી શકશે. આ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રાખવામાં આવી છે જેથી દેશભરના વિદ્યાર્થીઓને સરળતાથી તેનો લાભ મળી શકે.

સૌપ્રથમ વિદ્યાર્થીઓએ ગુણ વેરિફિકેશન માટે અરજી કરવાની રહેશે. આ તબક્કામાં ગુણનો સરવાળો યોગ્ય રીતે કરવામાં આવ્યો છે કે નહીં તેમજ કોઈ જવાબ ચકાસવામાં બાકી રહ્યો છે કે નહીં તેની તપાસ કરવામાં આવશે. બોર્ડ દ્વારા વેરિફિકેશન પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવશે. જો કોઈ સુધારો જોવા મળશે તો તે વિદ્યાર્થીના રેકોર્ડમાં અપડેટ કરવામાં આવશે.

વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ ઉત્તરવહીની સ્કેન કોપી મેળવવા માટે અરજી કરી શકશે. સ્કેન કોપી મળવાથી વિદ્યાર્થીઓને પોતાના જવાબો અને પરીક્ષક દ્વારા આપવામાં આવેલા ગુણોની વિગતવાર માહિતી મળી શકશે. આથી વિદ્યાર્થીઓને પોતાના મૂલ્યાંકન અંગે વધુ સ્પષ્ટતા મળશે. ઉત્તરવહીની સ્કેન કોપીનું અવલોકન કર્યા બાદ જો કોઈ વિદ્યાર્થીને લાગે કે ચોક્કસ પ્રશ્નમાં યોગ્ય ગુણ આપવામાં આવ્યા નથી અથવા મૂલ્યાંકનમાં ભૂલ થઈ છે, તો તે પુન:મૂલ્યાંકન માટે અરજી કરી શકશે. પુન:મૂલ્યાંકન દરમિયાન માત્ર વિદ્યાર્થી દ્વારા દર્શાવવામાં આવેલા પ્રશ્નોના ગુણની ફરી તપાસ કરવામાં આવશે.

---

### ૧ લાખથી વધુ વખત અનધિકૃત ફાઈલ્સ એક્સેસ કરવાનો પ્રયાસ

# CBSEના રિવેલ્યુએશન પોર્ટલ પર DoS અટેકનો પ્રયાસ નિષ્ફળ

**૨ મિનિટમાં** ૧૫ લાખ હિટ, ટેકનિકલ ટીમ એલર્ટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

સીબીએસઈ બોર્ડના રિવેલ્યુએશન પોર્ટલ પર સાયબર ગઠિયાઓએ ડિનાયલ ઓફ સર્વિસ અટેક કરવાનો પ્રયાસ કર્યો હતો, જેને બોર્ડની ટેકનિકલ ટીમે નિષ્ફળ બનાવી દીધો છે. એક રિપોર્ટ મુજબ માત્ર 2 મિનિટમાં પોર્ટલ પર 15 લાખથી વધુ હિટ નોંધાઈ હતી અને 1 લાખથી વધુ વખત અનધિકૃત ફાઈલ્સ એક્સેસ કરવાનો પ્રયાસ થયો હતો.

સીબીએસઈના રિવેલ્યુએશન પોર્ટલ પર એકાએક વેબ ટ્રાફિક વધી જતા સાયબર હુમલાનો પ્રયાસ સામે આવ્યો હતો. કેટલાક સાયબર ગઠિયાઓએ સર્વિસને તોડી પાડવા માટે ડિનાયલ ઓફ સર્વિસ અટેકનો પ્રયાસ કર્યો હતો. જોકે બોર્ડની સાયબર સિક્યોરિટી સિસ્ટમ સજાગ હોવાથી આ પ્રયાસ સફળ થઈ શક્યો નથી. સાયબર હુમલાના પ્રયાસ વચ્ચે પણ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશનની પ્રક્રિયા સરળતાથી પૂરી કરી છે. બોર્ડના રિપોર્ટ મુજબ 16,000થી વધુ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

બપોરે 3 વાગ્યા સુધીમાં આ આંકડો નોંધાયો છે. સમગ્ર સિસ્ટમ હાલમાં 8,000થી વધુ કરન્ટ યુઝર્સને સપોર્ટ કરી રહી છે. બોર્ડે સ્પષ્ટતા કરી કે પોર્ટલને વધુ આધુનિક અને સુરક્ષિત બનાવવા સતત પ્રયાસ થઈ રહ્યા છે. ટેકનિકલ ટીમ સતત વૉચ રાખી રહી છે જેથી વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશનમાં કોઈ મુશ્કેલી ન પડે. વિદ્યાર્થીઓના સજેશન અને ફીડબેકના આધારે પોર્ટલમાં સુધારા-વધારા કરાયા છે. ઉતાવળમાં ભૂલ ન થાય તે માટે સમય મર્યાદામાં પણ વધારો કરાયો છે.

નાનકડી એરરને પણ ગંભીરતાથી લઈ સાયબર હુમલાને ટાળવા ખાસ ટીમ કામ કરી રહી છે. પેપરલીક અને ફ્રોડ જેવી ઘટનાઓને ધ્યાને લેતા પોર્ટલ પર સાયબર સિક્યોરિટી વધારી દેવામાં આવી છે બોર્ડે ખાતરી આપી છે કે વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન માટે પૂરતો સમય આપવામાં આવ્યો છે અને કોઈ મુશ્કેલી ઊભી ન થાય તેનું ખાસ ધ્યાન રખાઈ રહ્યું છે. હાલ સુધી સાયબર હુમલાનો એકપણ પ્રયાસ સફળ થયો નથી.

---

### ટોલ ફ્રી હેલ્પલાઈન ૩ થી ૨૦ જુન દરમિયાન કાર્યરત રહેશે

# ITIના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીની પૂરક પરીક્ષા ૧૫ જૂને યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની માન્ય આઈટીઆઈના તાલીમાર્થીઓ માટે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. ધો.12 સામાન્ય પ્રવાહ સમકક્ષ અંગ્રેજી વિષયની પૂરક પરીક્ષા આગામી 15 જૂનના રોજ બપોરના સત્રમાં યોજાશે. આ પરીક્ષા માટેની હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવી છે.

આઈટીઆઈ માટે પરીક્ષા 15 જૂને બપોરે 3 વાગ્યાથી સાંજે 6.15 વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન રાજ્યના નિયત પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવશે. આઈટીઆઈના આચાર્યોએ બોર્ડની વેબસાઈટ પર જઈને આવેલા ઈન્ડેક્સ નંબર અને નોંધાયેલા મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડીથી લોગઈન કરી શકશે. આચાર્યોએ હોલ ટિકિટ ડાઉનલોડ કરી શાળાની પ્રિન્ટ કાઢી, આઈડેન્ટિટી ફોર્મ સાથે વિદ્યાર્થીની સહી કરાવવાની રહેશે.

તંત્ર દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે હોલ ટિકિટના પાછળના ભાગે છાપેલ-12 સામાન્ય પ્રવાહની નિયત સૂચનાઓ ધ્યાનમાં રાખીને જ પરીક્ષા આપવાની રહેશે. પરીક્ષાર્થીનો વર્ગ શિક્ષકે તેમાં તેમના નિયત જગ્યાએ સહી-સિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. શિક્ષણ બોર્ડની ધોરણ-10, ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની પરીક્ષા 11 જુલાઈથી શરૂ થવાની છે. આ પરીક્ષાર્થીઓની હોલ ટિકિટ પણ બોર્ડ દ્વારા સોમવારના રોજ વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવી છે. બોર્ડની વેબસાઈટ પરથી શાળા દ્વારા શાળાનો જે-તે ધોરણ તથા પ્રવાહનો ઈન્ડેક્સ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડી દ્વારા લોગઈન કરી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે.

---

# RTOમાં AIની નજર હેઠળ ડ્રાઈવિંગ ટેસ્ટ, ૧૭ કેમેરાથી મૂલ્યાંકન

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા RTO કચેરીએ ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રક્રિયાને વધુ પારદર્શક અને આધુનિક બનાવવા AI આધારિત ડ્રાઈવિંગ ટેસ્ટ સિસ્ટમ શરૂ કરી છે. નવી વ્યવસ્થા હેઠળ ડ્રાઈવિંગ ટ્રેક પર 17 અદ્યતન કેમેરા ગોઠવાયા છે, જે ટેસ્ટ દરમિયાન ઉમેદવારની દરેક ગતિવિધિ પર નજર રાખી તેનું વિશ્લેષણ કરશે.

ડ્રાઈવિંગ લાઈસન્સ માટે ઓનલાઈન અરજી કરનાર ઉમેદવારોએ ફાળવેલી તારીખે ટેસ્ટ માટે હાજર રહેવું પડશે. ટેસ્ટ પહેલાં 10 મિનિટનો માર્ગદર્શક વીડિયો બતાવવામાં આવશે, જેમાં નિયમો અને પ્રક્રિયાની માહિતી અપાશે. ત્યારબાદ AI આધારિત કેમેરા સિસ્ટમ દ્વારા સમગ્ર ટેસ્ટનું મોનીટરીંગ અને મૂલ્યાંકન કરવામાં આવશે. નિર્ધારિત માપદંડ મુજબ ટેસ્ટ પૂર્ણ થતાં જ ઉમેદવારને તરત પરિણામ મળી જશે. RTO અધિકારી કેતન ખાપેડેએ જણાવ્યું કે નવી સિસ્ટમથી માનવ હસ્તક્ષેપ ઘટશે, પારદર્શિતા વધશે અને લાઈસન્સ પ્રક્રિયા વધુ નિષ્પક્ષ તથા ઝડપી બનશે.

---

### માંજલપુરમાં સરેઆમ ગુંડાગર્દીને પગલે સ્થાનિક રહીશોમાં દહેશત

# 'પોલીસને બાતમી કેમ આપી' કહી ત્રણ શખસો યુવક પર તૂટી પડ્યા

**પથ્થર,** પટ્ટા અને ઢીકા-પાટુથી બેરહેમ માર માર્યો; હૃદયકંપાવનારો લાઈવ હુમલો CCTVમાં કેદ થતાં ચકચાર



(પ્રતિનિધિ) વડોદરા તા.2

શહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ અને કાયદાનો ડર ઓગળી રહ્યો હોય તેવી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વડોદરાના માંજલપુર વિસ્તારમાં એક યુવક પર ત્રણ શખસોએ ભેગા મળીને લોહીલુહાણ કરી મૂકે તેવો જીવલેણ હુમલો કર્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. હુમલાખોરોએ "તેં પોલીસને અમારા વિશે બાતમી કેમ આપી છે?" તેમ કહીને તકરાર શરૂ કરી હતી અને જોતજોતામાં યુવક પર તૂટી પડ્યા હતા. આ સમગ્ર હિંસક ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, ભોગ બનનાર યુવક માંજલપુર વિસ્તારમાં હાજર હતો ત્યારે અચાનક ત્રણ શખસો તેની પાસે આવ્યા હતા. તહેકિ thingsકાત મુજબ, આરોપીઓ એ બાબતે ઉશ્કેરાયેલા હતા કે આ યુવક પોલીસને તેમની ગેરકાયદેસર કે શંકાસ્પદ પ્રવૃત્તિઓની માહિતી આપતો હતો. આ શંકા રાખીને આરોપીઓએ યુવક સાથે પ્રથમ ગાળાગાળી કરી અને ત્યારબાદ ઉગ્ર બની હુમલો કરી દીધો હતો. હુમલાખોરો એટલી હદે બેફામ બન્યા હતા કે તેમણે યુવકને રસ્તા પર પાડી દઈને બેરહેમીપૂર્વક ઢીકા-પાટુનો માર માર્યો હતો. આટલેથી ન અટકતા, આસપાસથી પથ્થરો ઉપાડીને તેમજ પોતાના કમરના પટ્ટા કાઢીને યુવક પર નિર્મમ પ્રહારો કર્યા હતા.

ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં પણ ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં યુવકને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ હિંસક હુમલાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ માંજલપુર પોલીસ એક્શનમાં આવી છે. પોલીસે વાયરલ ફૂટેજ અને ભોગ બનનારની ફરિયાદના આધારે ત્રણેય શખસો વિરુદ્ધ ગુનો નોંધી તેમની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ ઘટનાએ સ્થાનિક સ્તરે પોલીસ પેટ્રોલીંગ અને ગુનેગારોમાં કાયદાના શાસન સામે મોટા સવાલો ઉભા કર્યા છે.

---

# ટ્રેનના દિવ્યાંગ કોચના બાથરૂમમાંથી ૧૧૩ કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો



**વડોદરા** રેલવે SOGએ 56.85 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

મિશન સેફ સ્ટેશન અંતર્ગત વડોદરા રેલવે એસઓજી પોલીસને મોટી સફળતા મળી છે. પુરી-ગાંધીધામ એક્સપ્રેસના દિવ્યાંગ કોચના સંડાસ-બાથરૂમની છતમાં છુપાવેલો 113.600 કિલોગ્રામ ગાંજો બિનવારસી હાલતમાં ઝડપી પાડવામાં આવ્યો છે. આ મુદ્દામાલની કિંમત 56,85,000 આંકવામાં આવી છે.

ટ્રેન નં. 22974 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 6 પર રાત્રે 23/55 વાગ્યે આવી ઉભી રહી હતી. SOG પોલીસની ટીમ એટીએસ ચાર્ટને લગતી કામગીરી અંગે ચેકિંગ કરી રહી હતી. દરમિયાન દિવ્યાંગ કોચમાં તપાસ કરતા સંડાસ-બાથરૂમની છતની પ્લાય તુટેલી હાલતમાં મળી હતી. પો.હેડ કોન્સ. સર્જનસિંહ ગલાબજી અને લોકરક્ષક દિનેશકુમાર વિભાભાઈએ ઉપર ચઢીને જોતા છતની અંદર મોટી સાઈઝના પાંચ વજનદાર થેલા અને એક મીણીયો વજનદાર કોથળો મળી આવ્યા હતા. તપાસ કરતા તેમાં ગાંજો ભરેલો હતો. કુલ 113.600 કિલો ગાંજો કબજે કરી વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં N.D.P.S. એક્ટ કલમ-8(સી), 20(બી-ii) મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. હાલ બિનવારસી મુદ્દામાલના માલિકની શોધખોળ ચાલુ છે.

---

### ચોમાસા પહેલાં તળાવો ઊંડા કરવાની વાતો વચ્ચે કલેક્ટર કચેરીની શંકાસ્પદ ભૂમિકા

# સુકાઈ ગયેલા વડીવાડી તળાવ પર 'પાકા' દબાણો!

**સ્થાનિકોમાં** કુંભકર્ણ વહીવટી તંત્ર સામે ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં એક તરફ તંત્ર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે તળાવોના બ્યુટીફિકેશન અને સ્માર્ટ સિટીના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ શહેરના હાર્દ સમાન વડીવાડી વિસ્તારમાં આવેલું એક અમૂલ્ય ઐતિહાસિક તળાવ આજે પોતાના અસ્તિત્વની છેલ્લી લડાઈ લડી રહ્યું છે. સરકારી ચોપડે તળાવ તરીકે ઓળખાતી આ જગ્યા આજે વહીવટી તંત્રની ઘોર બેદરકારીને કારણે સંપૂર્ણપણે સુકાઈ ગઈ છે અને એક ખુલ્લા મેદાનમાં ફેરવાઈ ગઈ છે. આ ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવ્યા બાદ સ્થાનિક પ્રજામાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સૌથી ગંભીર અને આશ્ચર્યજનક બાબત એ છે કે, કલેક્ટર હસ્તકની આ કિંમતી સરકારી જમીન પર આસપાસની વગદાર સંસ્થાઓ દ્વારા ધીમે-ધીમે પગપેસારો કરીને ગેરકાયદેસર કબજો જમાવી દેવાયો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, બરોડા હાઈસ્કૂલ સહિતની સંસ્થાઓ દ્વારા તળાવની આ સરકારી જમીન પર કમ્પાઉન્ડ વોલ અને ગેટ બનાવી દેવામાં આવ્યા છે. સરકારી મિલકત પર આ પ્રકારે કાયદાના લીરેલીરા ઉડાડીને કરાયેલા ગેરકાયદેસર બાંધકામો સામે તંત્રએ કેમ આંખ આડા કાન કર્યા છે, તે હવે એક મોટો સવાલ બની ગયો છે.

તંત્ર દ્વારા દર વર્ષે ચોમાસા પહેલાં તળાવોને ઊંડા કરવાની અને જળસંચયની મોટી-મોટી જાહેરાતો કરાય છે, પરંતુ વડીવાડી તળાવની વાસ્તવિકતા આ તમામ જાહેરાતોને પોકળ સાબિત કરે છે. આ સમગ્ર પ્રકરણમાં કલેક્ટર કચેરીની ભૂમિકા સામે પણ સ્થાનિકો સવાલો ઉઠાવી રહ્યા છે. લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ, જવાબદાર અધિકારીઓ જાણીજોઈને આ સમગ્ર મામલે આડા કાન કરી રહ્યા છે અથવા તો આસપાસના માલેતુજારોને કોઈ મોટો આર્થિક કે અન્ય ફાયદો પહોંચાડવા માટે મૌન સેવી રહ્યા છે. સ્થાનિકો દ્વારા આ સરકારી જમીન પરથી તમામ પ્રકારના ગેરકાયદેસર બાંધકામો અને દબાણો તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે તેમજ વડીવાડી તળાવનું પુન:જીવીકરણ કરી તેનો યોગ્ય વિકાસ કરવામાં આવે તે માટે ઉચ્ચ સ્તરે લેખિતમાં ઉગ્ર રજૂઆતો કરવાની વ્યાપક તૈયારીઓ કરી લેવામાં આવી છે. હવે જોવાનું એ રહે છે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું વડોદરાનું વહીવટી તંત્ર આ આક્રોશ જોઈને ક્યારે જાગે છે અને દબાણકારો સામે ક્યારે બુલડોઝર ફેરવે છે.

### જમીન પર 'ભૂમાફિયાઓ'નું રાજ?

વડોદરાને તળાવોનું શહેર કહેવામાં આવે છે, પરંતુ વડીવાડી તળાવની દશા જોતાં લાગે છે કે તંત્રને ઇતિહાસ અને પર્યાવરણ સાચવવામાં કોઈ રસ નથી. એક ઐતિહાસિક તળાવ આખેઆખું પુરાઈ જાય અને તેના પર મોટી સંસ્થાઓ પાકા ગેટ બનાવી દે, છતાં કલેક્ટર તંત્રને કંઈ ન દેખાય તે બાબત શંકા ઉપજાવનારી છે. શું વહીવટી તંત્ર સામાન્ય જનતા માટે કાયદાના પાઠ ભણાવે છે અને માલેતુજારો સામે ઘૂંટણ ટેકી દે છે? જો આ કિંમતી સરકારી જમીન પરથી દબાણો વહેલી તકે દૂર કરીને તળાવને બચાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં જનઆંદોલન ફાટી નીકળે તો નવાઈ નહીં.

---

### મ.સ.યુનિ.માં B.Com એન્ટ્રન્સમાં ગરબડ

# GCASમાં રિઝલ્ટ બતાવ્યા બાદ પરીક્ષા જ નથી આપી તેવું દર્શાવ્યું

**કોમર્સ** ફેકલ્ટીના ડીને રજૂઆત સાંભળવાનો ઇનકાર કરતા વિદ્યાર્થી નેતાઓ સાથે બોલાચાલી



(પ્રતિનિધિ) વડોદરા, તા.2

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં બીકોમની એન્ટ્રન્સ પરીક્ષાને લઈને મોટો વિવાદ સર્જાયો છે. જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓનું રિઝલ્ટ જાહેર થયા બાદ બીજા જ દિવસે એન્ટ્રન્સ પરીક્ષા આપી જ નથી તેવું બતાવવામાં આવતા અનેક વિદ્યાર્થીઓ મેરિટ લિસ્ટમાંથી બહાર ફેંકાઈ ગયા છે. આ ટેકનિકલ ખામીને કારણે વિદ્યાર્થીઓને એડમિશન મળશે કે નહીં તે સામે સવાલ ઊભો થયો છે.

વિદ્યાર્થી નેતા નિખિલ સોલંકી અને સુઝાન લાડમેન દ્વારા કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રજ્ઞેશ શાહને રજૂઆત કરવા જવામાં આવ્યું હતું. જોકે, ડીન વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળવા તૈયાર ન હતા અને ચોખ્ખું કહી દીધું કે હું કોઈ રજૂઆત નહીં સાંભળું. ડીનના આ વલણથી વિદ્યાર્થી નેતાઓ અને ડીન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મામલો ગરમાતા ડીન પ્રજ્ઞેશ શાહ ત્યાંથી નીકળી સીધા પોતાની ઓફિસમાં જતા રહ્યા હતા અને પોલીસને બોલાવી દીધી હતી. વિદ્યાર્થી નેતાઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓએ એન્ટ્રન્સ આપી, જીકાસમાં રિઝલ્ટ પણ આવ્યું. બીજા દિવસે સિસ્ટમમાં 'પરીક્ષા આપી નથી' એમ બતાવે અને મેરિટમાંથી નામ ગાયબ થઈ જાય. જો ડીન જ વિદ્યાર્થીઓની મુશ્કેલી નહીં સાંભળે તો બીજું કોણ સાંભળશે? ડીન દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતા વિદ્યાર્થી નેતાઓએ ચીમકી આપી છે કે જો આ મુદ્દે તાત્કાલિક નિરાકરણ નહીં આવે અને વિદ્યાર્થીઓને ન્યાય નહીં મળે તો આગામી સમયમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે ટેકનિકલ ખામીને કારણે તેમનું ભવિષ્ય જોખમાયું છે,